મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૦ ટકા
ગાંધીનગર તાપમાન

શિયાળાના પગલે શહેરમાં વસાણાની બોલબાલા

ગાંધીનગર, તા. ૭

શિયાળો એટલે સ્વાસ્થ્ય બનાવવાની ઋતુ છે. શિયાળામાં ખાધેલું બારેમાસ ચાલે તેવું કહેવાય છે. શિયાળાની ફુલ ગુલાબી ઠંડીમાં નાગરીકો સ્વાસ્થ પ્રત્યે વધુ જાગૃત બને છે. સવારના સમયે કસરત, યોગા કરતા નાગરીકો ઠેર ઠેર નજરે પડે છે, તો બીજી તરફ નગરના માર્ગો પર ચાલવાવાળા નગરજનોની સંખ્યા પણ વિશેષ વધી જાય છે. ત્યારે શિયાળાની સિઝન શરુ થતા જ વિવિધ વસાણાની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠે છે. ઘર તેમજ બજારમાં વિવિધ વસાણા તૈયાર કરાય છે, જો કે બંન્નેના સ્વાદમાં ફેર પડે છે. શિયાળાની સિઝનમાં આરોગ્યની દૃષ્ટિએ વસાણા ઉપયોગી હોવાથી તેનું મહત્વ રહેલું છે. ત્યારે શહેરના બજારમાં વિવિધ વસાણા ઓન ડિમાન્ડ છે. સાલમ પાક, અડદીયા પાક, મેથાના લાડું, ગુંદરપાક, ખજુર રોલ, કચરીયું સફેદ અને કાળા તલનું, જયારે બાળકો વસાણા ખાતા નહીં હોવાથી તેમના માટે તલની ચીકી, સીંગની ચીકી, દાડીયાની ચીકી, ડ્રાયફ્રુટની ચીકી, સીંગ-તલની ચીકી, સીંગ ટોપરાની ચીકી બજારમાં સૌથી વધુ વેચાય છે. શહેરના બજારમાં વસાણાની કિં. ૨૪૦ થી લઈ રૂ.૬૮૦ સુધીની છે. જયારે ચીકી અને કચરીયાનો ભાવ રૂ. ૨૪૦ છે. જયારે અન્ય વસાણાનો ભાવ અલગ અલગ છે. જયારે શહેરના માર્કેટમાં સૌથી વધારે અડદીયાપાક અને મેથીના લાડુંની નગરજનો વિશેષ ખરીદી કરે છે. નગરની મહિલાઓ પણ ઘરમાં મેથીના લાડું, ગુંદરપાક તેમજ અડદીયા પાક સહિતના વસાણા બનાવતી હોય છે. જે વસાણા શિયાળામાં આરોગવાથી શરીર અને તંદુરસ્તી માટે ગુણકારી સાબિત થાય છે.

સિવિલના ઈએનટી વિભાગમાં અનુભવી ડોકટરની અછત

ગાંધીનગર, તા.૭

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા એમસીઆઈના ઈન્સ્પેકશનને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી હિંમતનગર અને વડનગર ખાતે તબીબોની બદલી કરી દેવામાં આવી છે. જેથી ગાંધીનગર સિવિલમાં તબીબોની અછત વર્તાય છે. પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ઈએનટી વિભાગમાં બદલી બાદ પણ બે અનુભવી તબીબો રહ્યા હતા. જેમાં એક તબીબ દિવાળી વેકેશનમાં ગયા છે. જયારે બીજા તબીબ બે દિવસથી રજા પર ઉતરી જતા હાલની પરિસ્થિતિએ ઈએનટી વિભાગ મેડીકલ કોલેજના જુનિયર અને સિનિયર રેસીડન્ટ ડોકટર ચલાવી રહ્યા છે. ઈએનટી વિભાગમાં બે દિવસથી દર્દીઓને અનુભવી ડોકટર દ્વારા સારવાર મળી રહી નથી. જેથી દર્દીઓમાં પણ રોષની લાગણી પ્રસરી ગઈ છે.

સિવિલના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ જીએમઈઆરએસ સોસાયટી હસ્તકની ત્રણ મેડીકલ કોલેજમાં એમસીઆઈનું ઈન્સ્પેકશન આવ્યું હતું. જેમાં વડનગર, જુનાગઢ અને હિંમતનગર મેડીકલ કોલેજનો સમાવેશ થાય છે. સોસાયટી દ્વારા અનેક ડોકટરની બદલી કરવામાં આવી હતી જેમાં ગાંધીનગર મેડીકલ કોલજના ૨૦ ડોકટરની બદલી કરી દેવામાં આવી છે. જેને અનુલક્ષી સિવિલના પીડીયાટ્રીક, મેડીસીન, રેડીયોલોજી, ઓર્થોપેડીક, પેથોલોજી, સર્જરી અને ઈએનટી વિભાગમાં અત્યારના સમયે ડોકટરની અછત વર્તાય છે. ઈએનટી વિભાગમાં બદલી બાદ ત્રણ ડોકટર રહ્યા હતા. જેમાં એક ડોકટરની પ્રમોશન સાથે તાજેતરમાં હિંમતનગર ખાતે બદલી થઈ છે. જયારે એચઓડી બે દિવસની રજા પર છે તો બીજી તરફ અન્ય ડોકટર દિવાળી વેકેશનમાં છે. ત્યારે ઈએનટી વિભાગ ડોકટર વિના ખાલીખમ લાગી રહ્યો છે. ત્યારે મેડીકલ કોલજના જુનિયર અને સિનિયર રેસીડન્ટ ડોકટર હાલ ઈએનટી વિભાગ ચલાવી રહ્યા છે. જયારે ઈએનટી વિભાગમાં તજજ્ઞ ડોકટરના મળતા દર્દીઓ હાલ બે દિવસથી યોગ્ય સારવાર માટે ફરી રહ્યા છે. ત્યારે ઈએનટી વિભાગના ડોકટર્સ ઝડપી આવે તેની કાગડોળે રાહ જોઈને દર્દીઓ બેઠા છે.

દોલારાણા વાસણા ગામે આનંદનો ગરબો, રસ-રોટલી તથા અન્નકુટનું આયોજન

ગાંધીનગર, તા.૭

બહુચર આનંદ ગરબા મંડળ દોલારાણા વાસણા આયોજીત શ્રી વલ્લભ ભટ્ટ રચિત આનંદનો ગરબો, રસ-રોટલી તથા અન્નકુટનાં પ્રસાદનું આયોજન તા. ૯ ડિસેમ્બરને રવિવારના રોજ રાખવામાં આવેલ છે. માતાજીના રૂડા અવસરમાં સવારે માતાજીની શોભાયાત્રા બપોરે ૧.૧૫ થી ૨ કલાક સુધી, આનંદનો ગરબો બપોરે ૨.૩૦ થી ૫.૩૦ સુધી, અન્નકુટના દર્શન બપોરે ૨ થી ૬ કલાક, ભોજન પ્રસાદ સાંજે ૬ કલાકે, આનંદનો ગરબો ભાવનાબેન ગોકલાણી કંઠે યોજાશે, બહુચર માતાજી મંદિર મુખ્ય બજારમાં યોજાશે. તો આ ધાર્મિક પ્રસંગે સર્વે ભકતોને હાજર રહેવા મંદિર પરિવાર દ્વારા જણાવાયું છે.

શહેરના કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ સિવિલની મુલાકાત લઈ સ્વચ્છતાની ચકાસણી કરી

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલની કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ મુલાકાત લીધી હતી. પ્રવિણાબેને સિવિલના છઠ્ઠા, સાતમા અને આઠમા માળે આવેલા વોર્ડની મુલાકાત લઈ દર્દીઓની તબિયત વિશે પુછપરછ કરી હતી. જયારે ત્રીજા માળે આઈસીયુ અને હિમો ડાયાલીસીસ વોર્ડમાં જઈને દર્દીઓને મળ્યા હતા. સિવિલ કેમ્પસમાં તેઓએ સ્વચ્છતા અંગે ચકાસણી કરી હતી અને તંત્રના અધિકારીઓને જરૂરી સુચન કર્યા હતા. આ પ્રસંગે રાઉન્ડમાં આવેલા પ્રવિણાબેન વોરાની સાથે સિવિલના આરએમઓ ડો. રાજેન્દ્ર ચૌહાણ, એએનએસ ઈવાબેન, એસઆઈ પ્રકાશભાઈ, એએચએ, પીઆઈયુ વિભાગના કેતન પ્રજાપતિ, સિક્યુરીટી સુપરવાઈઝર મુકેશભાઈ સહિત રાજદીપ એન્ટરપ્રાઈઝના સુપરવાઈઝર વિરમભાઈ દેસાઈ, રાકેશ પરમાર, પંકજ વાઘેલા, સુમિત ચૌધરી હાજર રહ્યા હતા.

@ગાંધીનગર

● માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે.કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો રીનાબેન એમ. રાઠોડ, સે-૬-સી બ્લોક નં. ૪૨૩/૧, ક્રિશ્ના વૃદ્ધાશ્રમની બાજુમાં બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

બીબીએ દ્વારા રાજ્ય કક્ષાનો 'આયના-મેગ્નેટ' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

તા. ૧૨, ૧૨ અને ૧૪ ડિસેમ્બરના રોજ આયોજિત આ કાર્યક્રમમાં આ વર્ષની થીમ છે 'જિંદગી'

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં આવેલ બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા સતત ૧૯ વર્ષથી 'આયના' સાંસ્કૃતિક કાર્યક્રમનું ખુબજ સફળતા પૂર્વક આયોજન કરાઈ રહ્યું છે જેમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજ તા.૧૨,૧૩ અને ૧૪ ડીસેમ્બર ના રોજ ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરી રહી છે. જેમાં આ વર્ષની થીમ "જિંદગી" સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવી છે. જેને અનુરૂપ સમગ્ર કાર્યક્રમનું આયોજન થશે.

આ વર્ષના સમગ્ર કાર્યક્રમ માટે ઓવર ઓલ ઈન્ચાર્જ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવા વ્યક્તિગત મળી તૈયાર કરવામાં આવી રહ્યા છે. એન્ટરપેન્યોર ફીયેસ્ટા એ "આયના-મેગ્નેટ"ની સાથે નવા અભિગમ સાથે ત્રીજા વર્ષે કોલેજ દ્વારા આયોજીત થયો છે. જેમાં વિદ્યાથીઓ દ્વારા પોતે બનાવેલ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ ને કોલેજ સ્પર્ધાના ભાગ રૂપે ત્રણ દિવસ માર્કેટ ઉપલબ્ધ કરશે. જેમાં ફૂડ, હેન્ડીક્રાફ્ટ, ફેશન બાઝાર જેવા વ્યવસાય વિદ્યાર્થીઓ કરશે.

યોગ્યતાને આધારે નિર્ણાયકો વિદ્યાર્થીઓને તેમાં ક્રમ આપશે.

કાર્યક્રમમાં સમગ્ર રાજ્યમાંથી શાળાઓનાં વિદ્યાર્થીઓ જુદી-જુદી સ્પર્ધામાં ભાગ લેશે તેમજ શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ સમગ્ર રાજ્યની વિવિધ શાળાનાં શિક્ષકો પણ અત્રે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારશે. સમગ્ર કાર્યક્રમમાં કૉલેજના સેમેસ્ટર ૨, ૪ અને ૬ ના કુલ ૩૫૦ વિદ્યાર્થીઓ વિવિધ કમિટિમાં રહી કાર્ય કરી રહ્યા છે. તેમજ કૉલેજનાં ૧૫૦ વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. જેનાથી વિદ્યાર્થીઓ ને ઈવેંટ મેનેજમેન્ટ નાં વિવિધ પાસાઓ શીખવાનો મોકો મળશે. સમગ્ર ઈવેંટમાં શાળાના વિદ્યાર્થીઓને આમંત્રણ આપવાથી લઈ સંપૂર્ણ ઈવેંટનું સંચાલન કરવાનો મોકો વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો છે. કોલેજ સ્તર ની ક્વીઝ સ્પર્ધામાં કોલેજ ના ૨૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સંસ્થાના આચાર્ય એ આ કાર્યક્રમ બાબતે જણાવ્યું હતું કે આ વર્ષે ૧૪ જેટલી અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન થઈ રહ્યું છે. જેમા એક પાત્રીય અભિનય, ગ્રૂપ ડાન્સ, વકતૃત્વ સ્પર્ધા, સોલો ડાન્સ, પોસ્ટર મેકિંગ, વન મિનીટ ગેમ, G.K ક્વિઝ, સિંગિંગ તેમજ મંહેદી, રંગોળી, સુલેખન જેવી સ્પર્ધાઓ આયોજીત થઈ હતી જેમાં શાળા લેવલે તમામ સ્પર્ધામાં પ્રથમ તેમજ દ્વિતીય ક્રમના વિદ્યાર્થીઓ ને ટ્રોફી તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. જયારે કૉલેજ નાં વિદ્યાર્થીઓ ને પણ પ્રથમ તેમજ દ્વિતીય વિજેતા સ્પર્ધકો ને ટ્રોફી ઍનાયત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્ય ડો. રમાકાન્ત પૃષ્ટી, ચીફ કો-ઓર્ડિનેટર ડૉ.જયેશ તન્ના તેમજ કોલેજના તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા સફળતાપુર્વક આયોજિત થઈ રહ્યું છે.

આજે રશનલ સમાજની બેઠક યોજાશે

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા.૮ ડિસેમ્બરને શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, સે-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં સુશાસન લોકમંચના સંયોજક વાસુદેવ ભાઈ પટેલ ઉપસ્થિત રહી વર્તમાન સમસ્યાઓ અને તેનું નિરાકરણ એ વિષય ઉપર પોતાનું વકતવ્ય આપશે તો સંસ્થાના તમામ સભ્યો તથા રસ ધરાવતા નાગરીકોને ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી પંકજ પટેલે જણાવ્યું છે.

ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટની હોસ્ટેલમાં વિદ્યાર્થીનો દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત

બી.ટેક.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરને અડીને આવેલી ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટની હોસ્ટેલમાં રહેતા અને આ જ ઈન્સ્ટિટ્યૂટમાં બી.ટેક.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા ૨૦ વર્ષીય વિદ્યાર્થીએ પોતાના રૂમમાં રાત્રી દરમિયાન કોઈ અગમ્ય કારણોસર કપડાં સૂકવવા ના હેંગર સાથે નાયલોનની દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરી લેનાર વિદ્યાર્થીની તાજેતરમાં જ પરીક્ષાઓ પુરી થતાં વેકેશન પડ્યુ હતુ. ગઈકાલે કુવેતથી તેના પિતા ગાંધીનગર આવ્યા હતા અને તેને મળીને રાત્રી રોકાણ માટે સંબંધીને ઘરે ગયા હતા. આજે સવારે તેના પિતા સાથે જ તે ઘરે જવાનો હતો તે દરમિયાન રાત્રે જ તેણે અંતિમ પગલું ભરી લીધું હતું. ઈન્ફોસિટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વિદ્યાર્થીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલી ધીરૂભાઈ અંબાણી



ઈન્સ્ટિટ્યૂટમાં બી.ટેક.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા અને આજે ઈન્સ્ટિટયુટની હોસ્ટેલમાં રહેતા ૨૦ વર્ષીય વિદ્યાર્થી યશપાલસિંહ વિરેન્દ્રસિંહ ચૌહાણની બે ત્રણ દિવસ પહેલા જ પરીક્ષાઓ પૂર્ણ થતાં વેકેશન પડ્યું હતું. આજે સવારે તેને તેના પિતા સાથે ઘરે જવાનું હતું. કુવેતમાં નોકરી કરતા તેના પિતા વિરેન્દ્રસિંહ ચૌહાણ ગઈકાલે જ ગાંધીનગર આવી ગયા હતા અને દીકરા યશપાલને મળીને રાત્રે રોકાણ માટે તેમના સંબંધીના ઘરે ગયા હતા ને નક્કી કર્યું હતું કે આજે સવારે દીકરા સાથે વતન જવાનું છે. આજે સવારે ઊઠીને વિરેન્દ્રસિંહ તેમના દીકરાને લેવા હોસ્ટેલ પહોંચ્યા અને દીકરાના રૂમનો દરવાજો ખટખટાવ્યો તો દીકરાનો અંદરથી કોઈ અવાજ આવ્યો ન હતો કે દરવાજો પણ તેણે ખોલ્યો નહોતો. હોસ્ટેલના રૂમની બારી નો કાચ તોડીને દરવાજાની સ્ટોપર ખોલી પિતા તથા તેના આજુબાજુમાં રહેતા રૂમમેટ અને હોસ્ટેલ સ્ટાફ મળીને યશપાલના રૂમમાં પ્રવેશ્યા તો યશપાલ લટકેલી હાલતમાં જોવા મળ્યો હતો. આ દૃશ્ય જોઈને સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. યશપાલે રાત્રે દરમિયાન કોઈ અગમ્ય કારણોસર પોતાના રૂમમાં જ કપડા સુકવવા ના હેંગર સાથે નાયલોન દોરી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. યશપાલે કયા કારણોસર આ પગલું ભર્યું તે હજુ પણ રહસ્ય છે. તાત્કાલિક ઈન્ફોસિટી પોલીસને આ ઘટનાની જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચી ગયેલી ઈન્ફોસિટી પોલીસ મૃતદેહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં લઈ ગઈ હતી અને પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા કવાયત શરૂ કરી છે. ઉલ્લેખનીય બાબત એ છે કે મૃતક યશપાલની માતા મધ્યપ્રદેશના રતલામ વિસ્તારમાં પિયરમાં રહે છે. આ કરૂણ ઘટના અંગે માતાને સીધેસીધું કહી દેવામા આવે તો આઘાત લાગી જતા તેમની તબિયત પણ લથડી શકે તેમ હોવાથી અહીથી એવા સમાચાર આપવામાં આવ્યા હતા કે તેમના પુત્રને સામાન્ય અકસ્માત થયો છે અને આરામ મળી રહે તે માટે રાજસ્થાન વતને લઈ જવાયો છે તેમ કહીને પિતાએ કાળજે પથ્થર મૂકીને માતા સાથે વાત કરી રાજસ્થાન બોલાવી છે.

આજે સે-૨ સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૭

તા.૮મી ડીસેમ્બરથી તા. ૧૨મી ડીસેમ્બર સુધી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ગાંધીનગરમાં ૧૯મા વાર્ષિક પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજમાં સત્સંગ-ભકિત વધે, કુરીવાજો વ્યસનો દુષણો માટે સાવધાની બની રહે તે હેતુથી શ્રીમદ સત્સંગિ ભૂષણ પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. પારાયણના વકતાપદે સંપ્રદાયના નવયુવાન અને વિદ્વાન સ.ગુ.શા.સ્વા. શ્રી ચૈતન્ય સ્વરૂપદાસજી બીરાજમાન થઈ કથામૃતનું રસપાન કરાવશે અને કાલુપુર ગાદીના આચાર્યશ્રી તથા ધામો-ધામથી સંતો-મહંતો આશીર્વાદ આપવા પધારશે તો મોટી સંખ્યામાં ભકતજનોને પધારવા મહંત સ્વામીએ જણાવ્યું છે.

શહેરમાં ખોરાક અંગે જાગૃતિ લાવવા પ્રભાત ફેરી યોજાઈ

ગાંધીનગર, તા.૭

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના એફ.એસ.એસ.એ.આઈ દ્વારા સમગ્ર ભારતમાં ખોરાક અંગેની જનજાગૃતિ માટે આયોજીત સ્વસ્થ ભારત યાત્રા-સાયકલ યાત્રા ગઈકાલે ગાંધીનગર ખાતે આવી હતી. આ સ્વસ્થ ભારત- સાયકલ યાત્રાની આજે સવારના ૮.૦૦ કલાકે પ્રભાત ફેરી યોજાઈ હતી. ત્યાર બાદ જી.એમ.ઈ.આર.એસના ઓડિટોરિયમ હોલ ખાતે પબ્લિક મીટીંગનું આયોજન જિલ્લા કલેકટર એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

પબ્લિક મીટીંગનો દીપ પ્રાગટય કરીને જિલ્લા કલેકટર એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ખોરાક અંગેની જાગૃતિ લાવવાના ઉમદા આશયથી આ સ્વસ્થ ભારત યાત્રા – સાયકલ યાત્રાનો આરંભ કરવામાં આવ્યો છે. દેશના વિવિધ પ્રાંતોને છ વિભાગમાં વહેંચી ખોરાક અંગેની જાગૃતિ ફેલાવા માટે તા. ૧૬મી ઓકટોબર, ૨૦૧૮ થી સાયકલ યાત્રાના આરંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજયમાં રૂટ નંબર-૨ ની યાત્રા કે જે ગોવાથી આરંભ થયો હતો, તે તા. ૧૬મી નવેમ્બર, ૨૦૧૮ થી ગુજરાતના વિવિધ શહેરોમાં ફરીને ગઈકાલે ગાંધીનગરમાં આવી છે.

કલેકટર એસ.કે.લાંગાએ વધુમાં જણાવ્યું હતું કે, આ યાત્રા થકી સમગ્ર દેશના વાસીઓને મીઠું, ખાંડ અને તેલની માત્રા ઘટાવવાથી આરોગ્યને કેવા કેવા ફાયદાઓ થાય છે. તેમજ વધુ માત્રામાં લેવાથી શું શું નુકશાન આપણા આરોગ્યને થાય છે. તેની જાણકારી આપી રહ્યાં છે. મીઠુ, ખાંડ અને તેલ વધુ માત્રામાં લેવાથી કેવા પ્રકારના રોગો શરીરમાં આવે છે, તેની દષ્ટાંત પૂર્વક વાત પણ કરી હતી. ઉપસ્થિત સર્વેને આ ત્રણ ચીજની માત્રા ખોરાકમાં સપ્રમાણ લઈ સ્વસ્થ જીવન જીવાની અપીલ પણ કરી હતી.

આ પ્રસંગે એફ.એસ.એસ.એ.આઈ.ના પ્રતિનિધિ પિયુષભાઈએ મીઠુ, ખાંડ અને તેલ કેમ જીવનમાં વપરાશ ઘટાડવો અને તે ઘટાડવાથી શું ફાયદાઓ થાય છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. આ અંગેની જાગૃતિ આપતું પ્રેઝેન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું. પ્રભાત ફેરીને ગાંધીનગર મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.બી.બારૈયા, ફૂડ એન્ડ સેફટી અધિકારી સી.એસ. ગોહિલ અને ફૂડ એન્ડ સેફટીના નાયબ કમિશનર દિપકાબેન ચૌહાણએ લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી. પ્રભારત ફેરીમાં એન.સી.સી.ના અને વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ તથા નગરજનો જોડાયા હતા. પ્રભાત ફેરી ઓડિટોરિયમ હોલના પ્રટાંગણમાંથી ઘ-૪ ઘ-૫ થઈ આ જ માર્ગે ઓડિટોરિયમ હોલ ખાતે પરત ફરી હતી.

પબ્લિક મીટીંગમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી ડૉ. રતનકુંવર ગઢવી ચારણ સહિત મોટી સંખ્યામાં નગરજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન તથા પારિતોષિક સમારંભ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારોહ તા. ૨૫મી ડિસેમ્બરના રોજ યોજાનાર છે. તો સમાજના સભ્યોએ તેમના પાલ્યની માર્કશીટ સત્વરે સેકટર પ્રતિનિધિ અથવા મંત્રીને તા. ૧૫મી ડીસેમ્બર સુધીમાં પહોંચાડવા જણાવાયું છે ત્યારબાદ આવેલ માર્કશીટ માન્ય ગણાશે નહી તેમ મંત્રી રાજેન્દ્રભાઈ પ્રજાપતિએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. વાઘેલા ભગવાનજી મગનજી, ઉ.વ. ૯૦
- સ્વ. પ્રેમસિંહ બિલ્લીલાલ કુશવાહા, ઉ.વ. ૪૬